સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

સાચવ્યા મેં સંઘના સિદ્ધાંત, એમાં મારો શું વાંક -
સન્માન્યાં લોકશાહી મૂલ્યો, એમાં મારો શું વાંક?
કરી નહીં સભ્યોની લે-વેંચ એમાં મારો શું વાંક?
રહ્યો સેવક સંઘનો શિસ્તમાં એમાં મારો શું વાંક?
(અન્યાયો, અવગણના સ્વીકારી થયા શહીદ)

'સત્યવાદી' ને -
સરળ, ચાલે નહીં -
રાજકારણે...
પૂછે ન કોઈ -
'આશીર્વાદ' લેવા જ
પૂજાય 'બાપા'...
(સન્માનીય પૂ. કેશુભાઈ પટેલને હૃદયાંજલિ)

હાઈકુ

ચિંતન

પરનિંદા સમ પાપ ન દૂજા... ।

ઉપરોક્ત સાખી રામચરિતમાનસ માંથી લેવામાં આવેલ છે.

અહિંયાં પારકાની નિંદા કરવા વિશે ચેતવણી આપવામાં આવી છે. કોઈ પણ વ્યક્તિ કંઈક સારું કામ કરે તો એની મુક્ત મને આપણે પ્રશંસા કરવી જોઈએ પરંતુ બીજાની પ્રશંસા કરવામાં આપણે થોડાક કંજુસ છીએ. આ કારણે જો કોઈની પ્રશંસા આપણે ન કરી શકીએ તો કદાચ ચાલશે, પરંતુ બીજાની નિંદા કરવાથી તો આપણે ચોક્કસ દૂર જ રહેવું જોઈએ.

અહિં સંત તુલસીદાસ ના કહેવા મુજબ પારકાની નિંદા કરવા જેવું મોટું બીજું કોઈ પાપ નથી. પારકાની નિંદા કરવામાં સામાન્ય જણ એક છૂપો આનંદ લેતો હોય છે. પરંતુ એની સામે અહીં સાવધાન રહેવાની વાત કરવામાં આવી છે. આપણે પણ એનાથી દૂર રહી જીવનમાં ઊર્ધ્વ દિશા તરફ આગળ વધવા માટે નિરંતર પ્રયત્ન કરતા રહીએ.

સુવિચાર

- ધીરે ધીરે હી ખત્મ હોંતે હૈ, બસ પતા અચાનક સે ચલતા હૈ - **સોમ દત્ત**
- શુભ વિચાર, શુભ આચાર, શુભ ઉચ્ચાર આ બધા ધર્મનાં સરળ સૂત્રો છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ધાર્મિકતા કપડાંની નહીં કાળજાની છે - **માનસસૂત્ર**
- દર્દ બે પ્રકારના હોય છે, એક આપને તકલીફ આપે છે, બીજું આપને બદલી નાખે છે - **બોધિ વૃક્ષ**
- કોણ કહે છે સખત લોકો વચ્ચે નરમાઈથી કામ ન થાય... જરા એવું વિચારતા પહેલાં આ સખત દાંત વચ્ચે રહેલી જીભનાં વર્તનને જોઈ લેજો - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- કર્મ બાંધે છે, કરુણા છોડાવે છે - **આપ્ત સૂત્ર**
- આજનું ઔષધ : રાત્રે સૂતા પહેલાં એક રકાબી જેટલું દૂધમાં ચપટી તજનો પાઉડર ઉમેરી ગરમ કરેલુ દૂધ પીવાથી ગાઢ નિંદર આવે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

હુગલી જિલ્લાના નાયબ કલેકટર મહમદ ઉબ નબી નીતિના માર્ગે સત્યને ઈશ્વર માની ચાલનાર નેક ઈન્સાન હતા. એક ફકીરની દરગાહ પર મુલાકાત થઈ. અને જાણ્યું કે એ ફકીર અરબસ્તાન, ઈરાન, ઈજિપ્ત અને ભારતભરની યાત્રાઓ કરી તેઓ આવ્યા છે. નબી સાહેબે ફકીરને પૂછ્યું, 'આપે ખૂબ ભ્રમણા કરેલ છે. તો મને જણાવો કે સૌથી સાચા અને ભક્તિભાવ વાલા સાધુઓ અથવા ફકીરો આપને કયાં જોવા મળ્યાં?' ફકીરે કહ્યું, 'મને દરેક દેશમાં સાચા સંતો, સાધુઓ અને ફકીરો જોવા મળ્યા. છતાં મને કુંભમેળામાં મને ઘણા સાધુઓ મળ્યા કે જેમની સાધના અદ્‌ભૂત જોઈ. એવા સાધુ સંતોની ચરણ રજને મેં માથે ચઢાવી હતી.' ઈસ્લામ ધર્મનો ફકીર ઓલિયો કુંભ મેળામાં સાધુની ચરણ રજ માથે ચઢાવે તે જાણી ઉલ નબીએ પૂછ્યું, 'આપે ઈસ્લામ અપનાવ્યો હોવા છતાં હિંદુ સંતોની ચરણ રજ માથે ચડાવી??' ફકીરે કહ્યું, 'નબી સાહેબ, માણસ તળેટીથી ઊંચે પર્વત પરના શિખરે ચઢીને નજર કરે તો એને નીચે ઊંચા વૃક્ષો, છોડવા કે ઘાસ કે વેલા બધું એક સરખું જ દેખાય છે. તેમાં તેને કોઈ નાનું કે મોટું લાગતું નથી. એવું જ ઉચ્ચકોટિએ પહોંચેલાં માણસ વિશે જાણવું. એ માણસને પણ સૌ સરખા જણાય છે. પછી તે ફકીર હોય કે કોઈ હિંદુ સંન્યાસી હોય. આવા પવિત્ર માણસના મનમાં ધર્મ-ધર્મ વચ્ચેનો ભેદ હોતો નથી. સૌને એક જ ઈશ્વરનાં સર્જન તરીકે તે સૌને જોતો હોય છે.' ઉલ નબીએ આ ફકીરને વંદન કરી વિદાય લીધી.

કોરોના કાળમાં પણ નેતાઓ બેફામ અને બિન્ધાસ્ત

તંત્રીસ્થાનેથી...

કોરોના સામે પ્રજાનો પડકાર અમેરિકા અને ભારતમાં થઈ રહેલી ચૂંટણી સ્વરુપે પણ જોઈ શકાય છે. માનવીથી ઉપર કશું હોઈ જ ન શકે એવું વ્યાસકથન જીનનાનંદદાસની 'સાબાર ઉપર માનુષ' માં અનુગુંજન પામ્યું છે. ડરીને ઘરમાં પુરાઈ રહેવાનું માણસને પોસાય જ નહીં. એને તો શેખાદમ આબુવાલા કહે છે એમ આગને પણ લાગમાં આવે તો બાગમાં ફેરવી નાખવાનું ગમે, બલકે એ તો ઈશ્વર પણ કયારે લાગમાં આવે એની જ રાહ જોતો હોય છે. અમેરિકામાં લોકો કોરોનાભય અવગણીને મતદાન કરવા ઊમટ્યા છે તો ભારત પણ શું કામ પાછળ રહે? લોકો મજાકમાં કહે છે કે કોરોના ચૂંટણીથી ડરીને બિહારમાંથી રફુચક્કર થઈ ગયો છે. બિન્દાસ જીવનશૈલીની પણ આગવી મજા છે. આટઆટલા મોતના આંકડા દર્શાવ્યા પછી પણ માનવીની જીવનન પ્રત્યેની આસ્થા અકબંધ રહી હોય તો એ ખરેખર એની આગવી સિદ્ધિ જ ગણાવી રહી. જો કે વિજ્ઞાન અને ભગવાનને એકબીજાની વિરુદ્ધ લાગી મૂકનાર આવી મહામારી સદીઓ અને સહસ્રાબ્દીઓમાં કયારેક જ આવતી હોય છે. એ આવે છે ત્યારે ઘોડાવેગે આવે છે અને જાય છે ત્યારે કીડીવેગે, ચુપચાપ, હારી ગયેલા યોદ્ધાની માફક મોં લટકાવીને ધીમે પગલે જતી હોય છે. કોરોનાએ યુરોપના દેશોમાં કમબેક કર્યું છે અને પ્રજાના પ્રચંડ આક્રોશ વચ્ચે ત્યાં લોકડાઉનનો નવો તબક્કો શરૂ થયો છે. કોરોનાએ ચીન અને ઉત્તર કોરિયા જેવા અપવાદો બાદ કરતાં દુનિયા પાસેથી આકરી વસૂલાત પણ કરી છે. ભારત અમેરિકાને આંટી જાય એ હદે સંક્રમિત થઈ રહ્યું હોવા છતાં મૃત્યુદર બહુ ઓછો છે અને રિકવરી રેટ ઘણો ઊંચો છે તે આપણા પણ ઈશ્વરની કૃપા સમજવી કે મોદીજીની મહેરબાની - જે સમજો તે! વાત ચૂંટણી સ્વરુપે કોરોનાને અપાઈ રહેલ પડકારના ઉલ્લેખ સાથે શરૂ કરી હતી એટલે ફરી પાછા ચૂંટણીના ચકરાવે ચડીએ. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખને પસંદ કરવામાં કોરોના ફેકટર ઘણો અગત્યનો બની રહે એમ લાગે છે. ટ્રમ્પે ગણતરીના કલાકોના આઈસોલેશનમાં કોરોનાને માત આપી હતી અને કોઈ બાહુબલીની જેમ જંગેબહાદુર બની રેલીઓ સંબોધવા લાગ્યા હતા. માસ્ક પહેર્યા વગર જ ફરતાં રહે છે અને માસ્ક પહેરનારાઓની મીઠી મજાક ઉડાવતા ફરે છે. વિરોધીઓ એમને ગાંડા ગણે છે. કોરોના પર નિયંત્રણ મેળવવામાં એમને સરિયામ નિષ્ફળતા મળી છે તે હકીકત એમના પરાજયમાં પરિણમી શકે છે. બિહારમાં નીતીશકુમાર માટે અને નરેન્દ્ર મોદી માટે ચૂંટણી નિર્ણાયક લિટમસ ટેસ્ટ બની શકે છે. નીતીશકુમારને કટ ટુ સાઈઝ કરવા માટે જ રામવિલાસ પાસવાનના એકટર પુત્રને ભાજપે મેદાનમાં ઉતાર્યા હોવાની અફવામાં ખુદ નીતીશને તથ્ય લાગ્યા માંડ્યું છે. ગુજરાતમાં આઠ પાટલીબદલુ બેઠકોની ચૂંટણી જીતવા ભાજપ એડીચોટીનું જોર લગાવી રહ્યો છે. કોંગ્રેસે કરાવેલ કહેવાતા સ્ટિંગ ઓપરેશનમાં જે અવાજ અને શરીર છે તે સોમાભાઈનું જ લાગેછે. સોમાભાઈ જૂના ખેલાડી છે અને સાચી વાત કહેવાની હિંમત પણ કરી શકે એવા બળૂકા રાજકારણી છે. ચૂંટણી જીતવી તે જ અને સત્તામાં ટકી રહેવું એ જ રાજકીય પાર્ટીઓનું છેલ્લું લક્ષ્ય હોય છે. મહાત્મા નહોતા બન્યા એ પહેલાં ગાંધીજીએ લખેક 'હિંદુ સ્વરાજ' માં સંસદ માટે અહીં નહીં છાપવા જેવી ઉપમા યોજી હતી તે અમથી કે ? લોકશાહી પણ આખરે તો અમુક રવાડે ચડેલા આખલાઓ માટે ખૂંદવાલાયક ખુલ્લું મેદાન જ છે!

બોલો, આ દિવાળીએ શું કરશું ?

સહેજ મલકીએ!

અનંત પટેલ

ઘણા બધાને આ પ્રશ્ન સતાવતો હશે એટલે અમને થોડાંક હળવાં સૂચનો કરવાનું મન થયું તેથી અહી સૂચનો કરેલ છે,

● દર વર્ષે વતનથી દૂર નોકરી કરતા લોકો દિવાળી કરવા વતનમાં જતા રહે છે તેમાં આ વરસે જરૂર ઓટ લાવવી પડશે, જ્યાં છો ત્યાં જ રહો, ને ત્યાં જ દિવાળી કરો...

● મહેમાનો માટે દિવાળી પહેલાં ડબ્બા ભરી ભરી નાસ્તા બનાવતા હતા કે ખરીદતા હતા તેમાં પણ ઓટ લાવવાની છે કેમ કે દિવાળીની શુભેચ્છાઓ માટે કોઇ રૂબરૂ આવશે જ નહિ, વળી વીડીયો કોલિંગની જબરદસ્ત સુવિધા ઉપલબ્ધ છે તેના પર જ લાગ્યા રહેજો અને તમારાં સગાં વહાલાંને મન ભરીને જોયા કરજો અને સાલ મુબારક કહ્યા જ કરજો..(એ કંટાળી ન જાય ત્યાં સુધી !!!)

● ધનતેરસે ધન પૂજન અને દિવાળી પર ચોપડા પૂજન તો ઘરમાં જ કરવાનું છે એટલે એમાં કાંઇ વાંધો નહિ આવે..

● પુષ્ય નક્ષત્રમાં સોનાચાંદેની યથા શક્તિ ખરીદી કરજો, માસ્ક પહેરવાનું જરાય વિસરશો નહિ....

● હા કાળી ચૌદશે સ્મશાન ભૂમિમાં કે બીજી કોઇ અગોચર જગાએ જઇને ખાસ પૂજા વિધિ કરનારા વીર પુરુષો આ વરસે એમનો કાર્યક્રમ મોકુફ રાખે એવી એમને વિનંતી છે....કદાચ કોઇ કોરોના પીડીત આત્મા એમને હેરાન કરે એવું ય બને..!!

● ફટાકડા ફોડવા માટે શું કરશું ? ટોળુ વળીને શેરીમાં કે ફળિયામાં ફટાકડા ફોડવાને બદલે દરેક જણ પોતાના ઘર આગળ માત્ર ટીકડીઓ, સાપોલિયાં,ભોય ચકરડીઓ, તારામંદર જેવી બિન જોખમી આઇટમો જ ફોડે. નાના મોટા ટેટા અને બોમનો તો અચૂક ત્યાગ કરવો...

● આ વર્ષે દર વર્ષની જેમ બેસતા વર્ષે કોઇ શુભેચ્છા આપવા ઘરે આવવાનું નથી તે છતાં ય જો કોઇ લાગણીસભર અને ઉત્સાહી વ્યક્તિ આવી જાય તો એમને આવેગથી બાથમાં લેવાને બદલે બે હાથ જોડીને જ શુભેચ્છા પાઠવજો...

● બહાર જમવા જવાના કાર્યક્રમો બધાને બહુ યાદ તો આવશે પણ શું થાય ? મન મજબૂત કરીને આટલું વરસ એ ટાળજો...

● દિવાળીના દિવસે (રાત્રિએ) આંગણાને દીવડાઓથી તો શોભાવીશું જ પણ મનના અંધકારને પણ દૂર કરવાનો સંકલ્પ લેજો...

● બેસતા વર્ષના દિવસે ઘેર જ રહેવાનું હોવાથી સમયનો સદુપયોગ કરવા જૂદાં જૂદાં છાપાં ભેગાં કરી એમાં આપણે આપણી રાશિવાળાનું ભવિષ્ય ધ્યાનથી વાંચી લઈશું ને એમાંથી કંઇ ગ્રહણ કરવા જેવું લાગે તો એ ગ્રહણ કરશું.... જો કે એમાં ભવિષ્ય ભાખનારા બધુ મોંઘમ જ ભાખતા હોય છે એટલે ખાસ કંઇ ચિંતા કરવી નહિ...

● આ વખતે નવા વરસે કોઇને ત્યાં જવાનું જ નથી એટલે ભૂલે ચૂકે ય વાસી નાસ્તો ખાવાનો આવશે જ નહિ...

● વર્ષો પહેલાં લોકો અરસપરસને દિવાળી કાર્ડ મોકલતા હતા એ સિલસિલો ફરી શરૂ ન કરી શકાય ?

મો. ૯૮૯૮૪૦૯૦૫૩
anantpatel135@yahoo.com

ઈસ શહર મેં જીને કે અંદાઝ નિરાલે હૈ, હોઠોં પે લતિફેં હૈ, આવાજ મેં છાલે હે

વિચારયાત્રા

ડો. જય ઓઝા

બાજુના બ્લોકમાં કશુંક ચાલી રહ્યું છે,

ત્યાં ભૂતપ્રેત નાચે છે કે પછી બાળકીની બર્થડે છે,

એ ચોક્કસપણે કહી શકાય એમ નથી

કદાચ બાજુના બ્લોકમાં ઠાકુર હિરોઈન પર રેપ કરે છે, જસ્ટ...

આવતીકાલે સવારે લોકલ છાપું આવે ત્યારે વાત.

સ્ટાર ન્યૂઝ કે ઝી ન્યૂઝમાં આવે, એની બિના બની હોય

એવું તો કયાંથી બને, આ બાજુના બ્લોકમાં?

જો કે ચોક્કસપણે એ પણ કહી શકાય એમ નથી.

બની શકે.

હિંગની વાસ આવે છે.

વઘારનો અવાજ તો નહોતો આવ્યો, જો કે,

બિલ્ડીંગમાં ઘોંઘાટ એટલો છે કે નયે આવે,

થયો હોય તોયે.

પેટ પર ચોળતા હશે, સ્હેજ ગરમ કરીને?

ગેરકાયદે ગર્ભપાત કરાવતા લાગે છે, બાજુના બ્લોકમાં...

- સિતાશું યશ્ચંચદ્ર

આજના ઝડપના યુગમાં તીવ્ર ભાગાભાગીના સમયમાં સવારથી સાંજ સુધી શહેરમાં રહેતા આપણે બધાં કોઈ અકથ્ય વ્યસ્તતામાં અટવાયેલા રહીએ છીએ.

પેટીયું રળવા માટે સવારથી સાંજ - અરે! હવે તો સાંજે કોઈ ઘરે આવી શકાતું નથી, રાત્રે જે ઓફિસ ધંધામાંથી ઘરે આવી શકાય. અહીંથી તહીં ભાગંભાગ, આપણી દરેક ક્ષણ ઉતાવળે ઉતાવળે ભાગતી હોય છે. રોજિંદા જીવનની ઘટમાળ. અંધાધૂંધ ઝડપથી ભાગતી આપણી કહેવાતી વિકાસની હરણફાળે, જમાનાની તીવ્ર દોડે એક જ છત નીચે જીવતા માણસો વચ્ચે પણ અંતરાય ઊભો કરી દીધો છે, રાત્રે થાકીને તૂટી જતું શરીર લઈને આવતો વ્યક્તિ મનમાં અને શરીરમાં અઢળક કાર્ય કર્યાનો થાક છતાંય અઢળક અતૃપ્તિના અહેસાસ સાથે પથારીમાં પડતો હોય છે.

અંદરથી ઉજ્જડ અને વેરાન બનતો જતો વ્યક્તિ રોજ સવારે અફલાતૂન ઈસ્ત્રી ટાઈટ નવાનક્કોર કપડા પહેરીને, લાલા પરમાનંદના ઈત્ર લગાવીને, વુડલેન્ડના બાટાના, રેડ ચીફના ચકચકિત કીવી પૉલિશ કરેલા બૂટ ચડાવીને પોતાની બાહ્ય તસવીર તાજગીસભર અને આંજી દેતી છાપ છોડી દેવાની એષણા સાથે મેક-અપ કરીને નીકળતો હોય છે . અંદરથી મરતો જતો અતૃપ્ત જીવાત્મા બહારથી ઊજળો દેખાવા માટે ખૂબ જ ઉધામા મારતો હોય છે.

અને આ બધા ઉધામામાં પોતાના ઘરને અને સ્વજનોને પણ જોવાનો કે તેમની તિરાડોને ભાળવાનો જેને સમય નથી તેને આડોશ-પાડોશવાળા સાથે ઓળખાણ કરવાનો તો અવકાશ જ કયાંથી હોય? 'પહેલો સગો તે પાડોશી' કહેવત આપણા વડવાઓએ આપી પરંતુ આજની નગર સંસ્કૃતિમાં પાડોશી તરફ જોવાની કોઈને તમા નથી.

હું તું અને રતનિયો, વાળી આ સામાજિક સ્થિતિમાં મોટાભાગે આપણને ઘરમાં દરવાજા બંધ જોતા હોઈએ છીએ. ઘરમાં દરવાજા અને મનમાં દરવાજા પણ બંધ થતા જતા હોય છે.

આપણે સ્વકેન્દ્રી - સ્વાર્થકેન્દ્રી બનતાં જઈએ છીએ. છતાં પણ માનવમનની વક્રતા એ છે કે આમ તો આપણે સ્વકેન્દ્રી છીએ, પરંતુ આસપાસના લોકોના ખાનગી જીવનમાં ડોકીયું કરવું ખૂબ ગમે છે. આપણે સતત તપાસમાં હોઈએ છીએ કે, બાજુવાળાના જીવનમાં કયારે છીડું પડે અને આપણે તરત જ હાજર જ થઈ જઈએ છીએ. મીઠું,મરચું લઈને તેના ઘાવ પર ભભરાવવા માટે...

વાતમાં કોઈ ઊંડાણ હોય નહીં, પરંતુ આપણે નાની એવી વાતને 'વાતનું વતેસર' કરીને નાનકડી ફોડકીને મોટો ઘાવ બનાવી દેવામાં ઉસ્તાદ છીએ. થોડોક અવાજ થાય અને આપણી આંખોનાં ટેલિસ્કોપથી ભીંતની પેલે પાર પણ બધું જોઈ લેવા ઉત્સુક હોઈએ છીએ. માણસ બાજુના રહેઠાણ સુધી પોતાની અટકળને લંબાવે છે. આપણી બેમુખી જીવન પદ્ધતિની કરુણતા વિષે જાવેદ અખ્તર લખે છે કે...

ઈસ શહર મેં જીને કે અંદાઝ નિરાલે હૈ

હોઠોં પે લતિફેં હૈ, આવાજ મેં છાલે હે.

વિડંબના એ છે કે આપણા હસવાનાં દાંત, ચાવવાનાં દાંત, કચકચાવવાના દાંત, દેખાડવાનાં દાંત, અલગ અલગ છે, બાજુવાળો નવી કાર લાવે તો તેના પેંડા ખાતા ખાતા વિચારીએ છીએ કે હહહ... આજકાલ ખૂબ ચડ્યો લાગે છે આપણને પાડોશીની સુખી હોવાની સંભાવના જણાય કે તરત જ દુઃખી થવા માંડીએ છીએ...

ફલેટ કે સોસાયટી નવા સવા લગ્ન કરીને રહેલા યુગલને લોકો કોઈ તમાશાની જેમ જુએ છે. પોતાના જીવનના ઝંઝાવાત અને અતૃપ્ત એષણાઓનો પીંડ તેના કારમા ઘાને રુઝવવા માટે જાણે કે તેમને બાજુવાળાના જીવનમાં ડોકિયું કરવાના મનોરંજનથી મેળવતા રહેતા હોય છે.

બર્થ-ડે સેલિબ્રેશનનો કિલકિલાટ ભૂત-પ્રેતની ચીસો જેવું લાગે છે, પોતાના ઘરે તો બેસતાં વર્ષના દિવસે પણ કોઈ ન આવે એટલે તાળા મારીને ભાગી જતા એકલપંડા મીઢાં માણસને બાજુવાળા મૌજમસ્તીથી બર્થ ડે ઉજવે લોકોને બોલાવે તેમાં અજુગતું લાગે છે, ભૂતપ્રેતની બૂમો જેવું સંભળાય છે.

કોઈ શંકાસ્પદ હિલચાલ કે કોઈ વિચલિત કરી દેતો પ્રસંગ બનવાની સંભાવના લાગતી હોય, તો પણ આપણે વિચારીએ છીએ કે, જવા દો ને કાલે સવારે છાપામાં વાજતે ગાજતે સમાચાર રુપે આવશે જ ને! પરંતુ તે મીંઢો માણસ સમજતો નથી કે જો ખરા ટાણે દોડીને ઈ બાજુવાળાને સધિયારો આપવા પહોંચી ગયો હોત તો એ ઘટના અટકી જાત અને તે સમાચારરુપે બીજા દિવસે વાંચવા ન મળત.

આજના કહેવાતા સુધરેલા યુગમાં કહેવાય છે કે, વ્યક્તિને તેની 'સ્પેસ'માં દખળ ન પહોંચાડવી જોઈએ. તે તેની 'વ્યક્તિગત સ્પેસ' છે. તેમાં તેને એકલો રહેવા દેવો જોઈએ... અરે અક્કલમઠ્ઠા જેવી માનસિકતા ધરાવનારા ગરીબડી જીવો! આપણે તો એ સંસ્કૃતિના વારસાદર છીએ જયાં દર્દીઆને જોવા જવા માટે પણ મેળો જામે તેટલા સગાં-વહાલાં પહોંચી જાય છે. અને દર્દી પણ એક સાથે આટલા બધાનો પરોક્ષ સધિયારો અનુભવીને સાજો થવા માંડે છે. 'સ્પેસ' 'સ્પેસ'ની રિંગો હાકનારા નવો ફાલ જે આવ્યો છે,તેઓ જો સુધરશે નહીં તો છેવટે તેઓ ખુદ આ ભરીભરી દુનિયામાં 'સ્પેસ' માં ભટકતા ખોવાયેલા ખોટકાયેલા યાનની જેમ ચીજ વસ્તુઓની જેમ ભટકતાં જ રહેશે...

-jayuoza@gmail.com,
Mo.9898046488

જેનું મન મસ્ત હોય એની બાહોમાં દુનિયા સમસ્ત હોય

આત્મનાદ

પુલક ત્રિવેદી
pulak63@gmail.com

સ્મીત અને સહાય આ બે એવા જોરદાર પરફ્યુમ છે કે, જેટલા વધારે બીજા ઉપર છાંટવામાં આવે એટલા વધારે સ્વયં સુગંધીત થવાય. ફુલોની સુગંધ તો કેવળ હવાના રૂખ પ્રમાણે એક જ દિશામાં ફેલાય પરંતુ નિસ્વાર્થ સૌજન્યપૂર્ણ સેવાકીય કાર્યની સુવાસ ચોમેર ફેલાય. પૈસા અને સત્તા કમાવવા સૌ મહેનત કરે છે પરંતુ જ્યારે વ્યક્તિ પોતાની ક્ષમતા અને આવડતનો આસપાસના લોકો અને



સમાજને આગળ લાવવા માટે ઉપયોગ કરે છે ત્યારે અનેરો સંતોષ અનુભવે છે. ભોજન અને પારિવારિક આનંદ માટે પશુઓ પણ મહેનત કરતા જ હોય છે. જીવન ઈશ્વરે આપેલી અણમોલ બક્ષિસ છે. ખુશી, ગમ અને સ્મીત તો હોય એનું નામ જ જિંદગી છે. જીવનને જે અંદાજથી જોવામાં આવે એ જ દ્રષ્ટિકોણથી જીવન પણ આપણને જુએ છે.

બનાસકાંઠાના નાના એવા લવાણા ગામના એક યુવાનની વાત છે. નામ એનું વખતસિંહ રાજપૂત ગરીબ ખેડૂત માનસુંગજીના પરિવારમાં જન્મેલા આ યુવાને બાળપણથી જ અભાવો અને મુશ્કેલીઓ સામે ઝીંક ઝીલી છે. પરિસ્થિતિ સામે ઝૂક્યા વગર તકલીફોમાં માર્ગ કાઢી એ આગળ આવ્યો. આ યુવાને પોતે આગળ આવીને બેસી રહેવાને બદલે આખા સમાજ માટે કંઈક કરવાનું નક્કી કર્યું. એની નોકરી કચ્છ જિલ્લામાં પરંતુ એના વિસ્તારના યુવાનોના વિકાસ માટે એનું મન સતત વિચારતું રહેતું. એણે ટેકનોલોજીના સહારે કચ્છમાં બેઠા બેઠા બનાસકાંઠાના રાજપૂત નવયુવાનો માટે સરસ આયોજન કરી લીધું.

કોરોના મહામારીના કપરા કાળમાં શૈક્ષણિક સંસ્થાઓની કામગીરી થતી નહતી ત્યારે આ યુવાને બનાસકાંઠાના હિંદવાણી રાજપુત સમાજના યુવાનો માટે ખાસ યોજના તૈયાર કરી અમલમાં મૂકી. સૌ પ્રથમ એણે જીપીએસસીની પરીક્ષા માટે તૈયારી કરતા સમાજના હોનહાર યુવાનોના સેલ નંબર મેળવી એક ગ્રુપ બનાવ્યું. ત્યારબાદ ગ્રુપના તમામ યુવાનમિત્રોને પરીક્ષા સંબંધી વાચવાનું ઉપયોગી સાહિત્ય પુરું પાડવાની શરૂઆત કરી. અને પછી છેલ્લા ત્રણ મહિનામાં વખતસિંહે ૨૦ જેટલા વેબિનારો યોજી માર્ગદર્શન આપવાનું સતકાર્ય કર્યું છે.

આમ તો ગામની શાળામાં પ્રાથમિક અભ્યાસ કરનારા વખતસિંહ પાસે પૂરતા પૈસા ન હોવાથી રાત્રે ખેતમજૂરી કરે અને દિવસે શાળાએ ભણવા જાય. કોલેજમાં જઈ સ્નાતક બન્યા બાદ એણે બી.એડ. પણ કર્યું. પછી માસ્ટર્સ કરી પીએચડી પણ થયો. અનુસ્નાતક અને પીએચડીના અભ્યાસ માટે એણે રાત્રે સિક્યોરિટીની નોકરી પણ કરી. હવે એ ડૉ. વખતસિંહ રાજપુત છે.

સમયનું ચક્ર ફર્યું. ચારેક વર્ષ પહેલા ભાઈ વખતસિંહને કચ્છની શાળામાં શિક્ષકની સરકારી નોકરી મળી. નોકરી મળતા વખતસિંહને એવો વિચાર આવ્યો કે, હું તો ગરીબાઈ સામે લડીને જંગ જીતી ગયો પરંતુ મારા સમાજના બીજા ગરીબ યુવાન મિત્રોનું શું? એને આ ખ્યાલ સુવા દેતો ન હતો. એના ઉજાગરા રંગ લાવ્યા. બનાસકાંઠાના હિંદવાણી રાજપુત સમાજના યુવાનો માટે એણે રીતસર શૈક્ષણિક યજ્ઞ આરંભ્યો.

ડૉ. વખતસિંહ સાથે દાનાભાઈ, પઢિયારજી જેવા બીજા યુવાન મિત્રો ખભે ખભા મિલાવી જોડાતા ગયા. ધીમે ધીમે આ મિત્રોથી સમાજ સેવાની સુગંધ બનાસકાંઠા હિંદવાણી રાજપુત સમાજના ઘેર ઘેર ચોમેર પ્રસરવા લાગી. વાત કોઈ એક વ્યક્તિ વિશેષની સ્નથી. વાત છે, સારું કામ કરવાની ઈચ્છા રાખતા અને કામને અંજામ આપવાના પરિશ્રમની. સારું કામ કરવાવાળા લોકોને કોઈ દિવસ પ્રસંશાની જરૂર નથી હોતી. ખીલેલા તાજા પુષ્પોને અત્તરની જરૂર નથી પડતી.

તકલીફો, મુશ્કેલીઓ અને આફતો હંમેશા કંઈક શીખવી જતી હોય છે. યુવાન વખતસિંહને જીવનમાં જો તકલીફો અને મુશ્કેલીઓ ન આવી હોત તો કદાચ એને આ દિશા ન સાંપડી હોત. ભાગ્યનું પુસ્તક પહેલાથી ક્યારેય લખાયું નથી હોતું એમાં પ્રતિદિન એક પાનુ સ્વાનુભવની શાહીથી લખાતુ જાય છે. જેનું મન મસ્ત હોય એની બાહોમાં દુનિયા સમસ્ત હોય. જીવન તો બધાનું એક સરખું હોય છે, વખતસિંહ જેવા કેટલાક હૃદયપૂર્વક જીવતા હોય છે તો કેટલાક જીવવા ખાતર જીવતા હોય છે.

વ્યક્તિની ઈચ્છાશક્તિ અને દ્રઢ સંકલ્પશક્તિ એને સામાન્યમાંથી અસામાન્ય બનાવી દે છે. લોકો માને છે કે જીવન ખૂબ ટુંકું છે. એક જ વાર જીવન મળે છે, પરંતુ જો એ સમાજ અને આસપાસના લોકો માટે જીવાય તો પર્યાપ્ત છે. શિક્ષણનું અંતિમ લક્ષ્ય નોકરી હશે ત્યાં સુધી સમાજમાં માત્ર નોકરો જ પેદા થતા રહેશે પરંતુ જ્યારે માલીક બનવાનો અને અન્યને આગળ લાવવાનો ધ્યેય હશે ત્યારે એ શિક્ષણ નહીં જ્ઞાન બની જશે. કારણો હશે તો સારા બનીને બધા ફરતા જોવા મળશે પણ અકારણ સૌની પડખે ઊભા રહેનારા ભીડથી અલગ તરી આવતા હોય છે.

ધબકાર -

'મંઝીલ ભી જુદી હૈ, રાસ્તે ભી જુદી હૈ, દેખતે હૈ કલ ક્યા હો, હૌંસલે ભી જુદી હૈ..'

- ગુલઝાર સાહેબ